## સ્ટેટ બેંક દ્વારા ૧૮મીએ પેન્શનર્સ મીટ યોજાશે

ગાંધીનગર, તા. ૧૬

સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા ગાંધીનગર શાખા દ્વારા તા. ૧૮મી સપ્ટેમ્બરે બપોરે ૨.૩૦ કલાકે પેન્શનર્સ મીટ રાખવામાં આવેલ છે. સ્ટેટ બેંક મારફતે પેન્શન મેળવતા તમામ પેન્શનરોને મીટીંગમાં હાજર રહેવા જણાવેલ છે. સહાયક પ્રબંધક સુરેન્દ્ર ગુપ્તાએ જણાવેલ છે.

## ગ્રીનસીટી ખાતે આજે સત્યનારાયણ કથા યોજાશે

ગાંધીનગર, તા.૧૬

હનુમાનજી અને વૈજનાથ મંદિર ગ્રીનસીટી સેકટર-૨૬માં સત્યનારાયણ ભગવાનની ભવ્ય કથાનું આયોજન આજે ૧૭મી ઓગષ્ટ ૨૦૧૨ને શુક્રવારે સાંજે ૪ થી ૬ કલાક દરમિયાન કરવામાં આવ્યું છે. હનુમાન મંદિર વિકાસ સમિતિ દ્વારા સર્વે ધર્મપ્રેમી ભકતજનોને પધારવા ખાસ જણાવ્યું છે.

## આજે પ્રજ્ઞાચક્ષુ કંઠય સંગીત સ્પર્ધા સે-૧૬ ખાતે યોજાશે

ગાંધીનગર, તા.૧૬

આજે ગાંધીનગર અંધશાળા ખાતે સ્વામી વિવેકાનંદની ૧૫૦મી જન્મ જયંતિની ઉજવણીના ભાગરૂપે રમત-ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિ વિભાગ દ્વારા ગુજરાત રાજયની તમામ અંધશાળાઓને આવરી લઈ જિલ્લા સ્તરે 'પ્રજ્ઞા ચક્ષુ કંઠય સંગીત સ્પર્ધા'નું આયોજન કરવામાં આવ્યું છે.

આ સ્પર્ધા આજે ગાંધીનગર સેકટર-૧૬ અંધશાળા ખાતે સવારે ૯-૦૦ કલાકે શરુ કરવામાં આવશે. સ્પર્ધામાં અ, બ, ક, ડ, ઈ જેવા વિવિધ વિભાગો છે.

## આજે વિશ્વકર્મા સેવા સમાજ દ્વારા ધાર્મિક કાર્યક્રમ યોજાશે

ગાંધીનગર, તા.૧૬

વિશ્વકર્મા સેવા સમાજ ગાંધીનગર દ્વારા આજે તા. ૧૭મી ઓગષ્ટ ૨૦૧૨ના રોજ સાંજે ૬ કલાકે વિશ્વકર્મા મંદિર, સેકટર-૧૨ ખાતે અમાસની કથાનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં વિશ્વકર્મા પુરાણના કથાકાર પ.પૂ. જયંતિભાઈ શાસ્ત્રી પધારી અધ્યાત્મિક પ્રવચન આપશે. જેનો સૌ ભકતજનો લાભ લઈ શકશે.



સ્વાતંત્ર્ય દિને રાજ્ય સરકારે ૧૧મી સપ્ટેમ્બરથી ગુટકા પર પ્રતિબંધ મુકવાની જાહેરાતને ગાંધીનગર ભાજપે વધાવી હતી. ગુરૂવારે સાંજે શહેર ભાજપ દ્વારા ગુટકાની હોળીનો કાર્યક્રમ યોજાયો હતો જેમાં મોટી સંખ્યામાં કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા. (તસવીર : દિપક જાની)

# મિલ્કતવેરાની માપણી પધ્ધતિ બિનતાર્કીક : મહામંડળની રજૂઆત

### વેરા વસુલીની પ્રકીયા સામે રોષ અન્યાય દૂર કરવા મહામંડળની માંગ

ગાંધીનગર, તા.૧૬

મિલ્કતવેરાની માપણી પધ્ધતિ બિનતાર્કીક હોવાથી વેરા વસૂલી સામે વ્યાપક વિરોધ ઉઠવા પામ્યો છે. લોકશાહી પધ્ધતિ મુજબ ચૂંટાયેલી પાંખ દ્વારા ઠરાવ, વાંધા સૂચનો કાનૂની પ્રકીયા મુજબ ન થયા હોવાથી મિલ્કતવેરો અન્યાયી રીતે વસૂલવાનું બંધ કરવું જોઈએ તેવી રજૂઆત શહેર વસાહત મહામંડળે કરી છે.

ગાંધીનગરમાં અગાઉ મિલ્કતવેરાની આકારણી આડેધડ કરવામાં આવી હોવાના મામલે હાઈકોર્ટના દ્વાર પર દસ્તક દેવાતા અંતે સમાધાન થયું હતું. જેથી સમગ્ર કાર્યવાહી રદ કરવામાં આવી હતી. વેરાના મામલે પ્લોટ, બાંધકામ, જમીન ખરીદીના ભાવ સહિતની બાબતોને બેધ્યાન કરી નાના મકાનોને વધુ કર અને મોટા મકાનોને ઓછા કર તેવા સંખ્યાબંધ દાખલાઓ મંડળ સામે આવ્યા હોવાનું માલુમ પડયું છે. શહેર વસાહત મહામંડળના પ્રમુખ અરૂણ બૂચે આ અંગે રજૂઆતમાં જણાવ્યા અનુસાર જૂનાગઢની જેમ ટેક્ષ હોલીડે આપવાના મામલે અન્યાય થયો છે. ત્યારે મિલ્કતવેરાના વાંધાઓને પણ બેધ્યાન કરવામાં આવી રહ્યા હોવાની વ્યાપક લાગણી જન્મી છે. આ તબક્કે આડોશ-પડોશમાં વેરાના મામલે વિસંવાદીતાઓ સર્જાઈ હોવાનો સૂર ઉઠવા પામ્યો છે. આ અપૂર્ણ અને અન્યાયી પ્રકીયાના લીધે નગરજનોમાં આક્રોશ પ્રવર્ત્યો છે. આ મામલે પુનઃ ટીમ બનાવી તમામ આવાસોમાં માલિકની હાજરીમાં રૂબરૂ માપણી પ્રકીયા હાથ ધરવા પણ માંગ કરી છે. આ સઘળી બાબતોને ન્યાયિક ધોરણે કાયદાના પરિપ્રેક્ષ્યમાં જોવા પણ મહામંડળના હોદ્દેદારો મયુર વ્યાસ, સુધીર દેસાઈ, તરલ દિક્ષિત, સી.પી.સોની અને બી.પી. પરમાર સહિતના આગેવાનોએ રજૂઆત કરી છે. જયારે આ અંગે કોઈ યોગ્ય નિર્ણય ન લેવાય ત્યાં સુધી આ પ્રકીયા અટકાવી દેવા પણ રજૂઆતમાં જણાવાયું છે.

# આજે શ્રાવણી અમાસે સ્ફટીક શિવલિંગની આરાધના યોજાશે

ગાંધીનગર, તા.૧૬

ગાંધીનગરના સેકટર-૨૬માં વસતા બ્રહ્મબંધુઓ દ્વારા આજે શ્રાવણી અમાસના દિને સ્ફટીકના શિવલીંગની આરાધના કરવામાં આવશે.

શ્રાવણ માસ દરમિયાન બ્રહ્મબંધુઓ દ્વારા સ્ફટીકના શિવલિંગ બનાવડાવી શ્રદ્ધાપૂર્વક દરેક બ્રહ્મબંધુના ઘરે શ્રીયંત્ર યુકત લિંગ તથા ચાંદીના છત્ર સહિતની બેઠકવાળા શિવજીની પૂજન વિધિ કરવામાં આવી હતી.

## આજે સોમનાથ મંદિરે શિવમહિમ્નના પાઠ

ગાંધીનગર, તા. ૧૬

ગાંધીનગરના સેકટર-૧૬માં આવેલા સોમનાથ મંદિર ખાતે આજે શ્રાવણ માસના અંતિમ દિવસે સમસ્ત બ્રહ્મસમાજ દ્વારા વિવિધ ધાર્મિક કાર્યક્રમો યોજાશે.

ગાંધીનગર બ્રહ્મ સમાજ દ્વારા 'યે શામ શિવ કે નામ' કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. બ્રહ્મસમાજના પ્રમુખ પિનાકિન રાવલે જણાવ્યું છે કે, શિવ મહિમ્નના પાઠ આજે રાત્રે ૮ થી ૯ કલાક દરમિયાન સોમનાથ મંદિરે યોજાશે. ત્યારબાદ ઓરકેસ્ટ્રા સાથે શિવભજનનો કાર્યક્રમ યોજાશે.

## સે. -૭/એ માં ટ્રી-ગાર્ડ અભાવે વૃક્ષારોપણના છોડવા નુકશાન પામ્યા

ગાંધીનગર, તા. ૧૬

ગાંધીનગર શહેરને વન સમૃદ્ધિના એલૌકિક અજાયબી બક્ષવા માટે સરકારના પ્રયત્નો કરેલ છે. પરંતુ પરિણામ વાસ્તવિકતામાં નિરાશા જનક રહેલ છએ. પરિણામલક્ષી અભિગમની માત્રા શૂન્ય હોય છે.

વનખાતા દ્વારા દરવર્ષે વૃક્ષારોપણ છોડ વિતરણનું કાર્યક્રમ યોજવામાં આવે છે. અને લાખોની સંખ્યામાં રોપાઓનું વાવેતર થાય છે. વર્ષાના સરવાળાઓ કરીએ તો અબજના આંકડા થાય છે. પરંતુ, બાળમરણ વૃક્ષા રોપણનું થાય છે. ચકાસણી થતી નથી. વૃક્ષારોપણના છોડ ગાયો તથા પશુઓ આરોગી જાય છે. અથવા સુકાઈ જાય છે. જેનું ગત મીટીંગમાં ધ્યાન દોરલ હતું. પરંતુ પરિણામ શૂન્ય આવેલ છે. ૫મી ઓગસ્ટના દિવસે એકથી વધુ વખત ટેલિફાન કરીને રોપાઓને રક્ષણ આપવાની વિનંતી કરી હતી. પરંતુ ટી ગાર્ડન મર્યાદિત હોય કોઈ વૈકલ્પિક વ્યવસ્થા થયેલ નહી. બે દિવસમાં જ સેકટર-૭ એમાં વૃક્ષારોપણના છોડવાને ગાયો-ભેંસો નુકશાન કરી દીધેલ છે.

પછેડી જેટલી જ સોડ તાણીને વૃભો રોપાય તો સાર્થક બની શકે. આ અંગે ગાંધીનગર શહેર જાગૃત નાગરિક પરિષદના પ્રમુખ લવજીભાઈ વાડીઆએ વનખાતાના ઉચ્ચ સત્તાવાળાઓ સમક્ષ લેખિત રજૂઆત કરેલ છે.

## 'ખ' માર્ગ પરથી પોલીસે ૧૫ લીટર દેશી દારૂ સાથે બેની અટકાયત કરી

ગાંધીનગર, તા.૧૬

ગાંધીનગર 'ખ' માર્ગ પર મહાત્મા મંદિર પાસે આજે સવારે સેકટર-૭ પોલીસે દેશી દારૂ ભરી લઈ જતી એક રીક્ષા સહિત એક મહિલા અને રીક્ષા ચાલકની ધરપકડ કરી દેશી દારૂ સાથે કુલ ૫૦,૩૦૦નો મુદ્દામાલ કબજે કર્યો હતો. આ સંદર્ભે જમાદાર અમરસિંહે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

પોલીસે સૂત્રો પાસેથી મળેલી માહિતી મુજબ ગાંધીનગરના મુખ્ય માર્ગો પૈકીના એક 'ખ' માર્ગ પર મહાત્મા મંદિર પાસે સેકટર-૭ પોલીસે ચેકિંગ દરમિયાન ખ-૩ તરફ થી આવતી એક રીક્ષાને અટકાવી તેની તપાસ હાથ ધરી હતી. જેમાં તપાસ કરતા રીક્ષામાંથી પોલીસને ૧૫ લીટર દેશી દારૂ મળી આવ્યો હતો આથી પોલીસે રીક્ષા નં. જીજે-૧૮-એટી ૫૬૬૬ના ચાલક સદ્દામ હુસેન સાબિદ હુસેન સૈયદ અને રીક્ષામાં સવાર મહિલા કંચનબેન વિષ્ણુજી ઠાકોર (રહે. મોટી આદરજ)ની અટકાયત કરી હતી અને તેમની પાસેથી ૧૫ લીટર દેશી દારૂ કિં. ૩૦૦ અને ઓટો રીક્ષા કિં. રૂ. ૫૦,૦૦૦ મળી કુલ ૫૦,૩૦૦નો મુદ્દામાલ કબજે કર્યો હતો. સેકટર-૭ પોલીસના જમાદાર અમરસિંહે આ મામલે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.



(તસવીર : દિપક જાની)

રાજીવ જ્યોતિ સદભાવના યાત્રા ગુરૂવારે ગાંધીનગરમાં પ્રવેશતાં કોંગ્રેસી આગેવાનો અને કાર્યકરોએ ઉમળકાથી સ્વાગત કર્યું હતું. રાજીવજીના વિચારોનો પ્રજા સુધી પહોંચાડવા આગેવાનોએ અનુરોધ કર્યો હતો.

# આજે ગાંધીનગરમાં

### આજનો દિવસ

સૂર્યોદય : ૬.૧૭

સૂર્યાસ્ત : ૭.૧૨

### તાપમાન

મહત્તમ : ૩૦.૫ ડિ.સે.

લઘુત્તમ : ૨૪.૬ ડિ.સે.

### ભેજનું પ્રમાણ

સવારે ૮૪ ટકા ● સાંજે ૭૮ ટકા

### મનોરંજન

**સિટી પલ્સ**

: સ્ક્રીન-૧ :
એક થા ટાઈગર : ૯.૩૦, ૧૨.૦૦, ૨.૩૦, ૫.૧૫, ૭.૪૫, ૧૦.૩૦

: સ્ક્રીન-૨ :
એક થા ટાઈગર : ૧૦.૩૦, ૧.૦૦, ૩.૪૫, ૬.૩૦, ૯.૩૦

: સ્ક્રીન-૩ :
એક થા ટાઈગર : ૧૧.૧૫, ૨.૦૦, ૪.૩૦, ૭.૧૫, ૧૦.૦૦

: સ્ક્રીન-૪ :
એક થા ટાઈગર : ૧૧.૧૫, ૨.૦૦, ૪.૩૦, ૭.૧૫, ૧૦.૦૦

**સિને મેક્સ**

: સ્ક્રીન-૧ :
એક થા ટાઈગર : ૧૦.૦૦, ૧૨.૪૫, ૩.૩૦, ૬.૧૫, ૯.૦૦

: સ્ક્રીન-૨ :
એક થા ટાઈગર : ૧૧.૦૦, ૨.૦૦, ૭.૩૦, ૧૦.૧૫
ગેંગ ઓફ વાસેપુર -૨ : ૪.૩૦

: સ્ક્રીન-૩ :
એક થા ટાઈગર : ૯.૧૫, ૧૨.૦૦, ૨.૪૫, ૫.૩૦, ૮.૧૫, ૧૧.૦૦

: સ્ક્રીન-૪ :
એક થા ટાઈગર : ૮.૦૦, ૧૦.૪૫, ૧.૩૦, ૪.૧૫, ૭.૦૦, ૯.૪૫

**સૂર્યા, વાવોલ**

એક થા ટાઈગર : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫
ચુંદડીને સથવારે : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

**ટાઉન હોલ**

- આર્ટ લવર્સ ગાંધીનગર દ્વારા રાત્રે ૯.૩૦ કલાકે, નાટક 'ગુજ્જુભાઈની ગોલમાલ'

**ધાર્મિક**

- શ્રીમાળી બ્રાહ્મણ સમાજ, ગાંધીનગર દ્વારા આશિષભાઈ ત્રિવેદી, ૪૮૪/૨, સેકટર-૮, ના નિવાસ સ્થાને શિવમહિમ્ન પાઠ યોજાશે.
- શ્રી સમસ્ત બ્રહ્મ સમાજ સેકટર-૨૩, ગાંધીનગર દ્વારા મુકેશભાઈ શુક્લ, શ્રીધર ફલેટ, ખાતે શિવ મહિમ્ન સ્તોત્રમ્ પાઠ અને સ્તુતિ વંદના રાત્રે ૯.૦૦ કલાકે યોજાશે.
- શ્રી સમસ્ત બ્રહ્મસમાજ મહિલા પાંખ, ગાંધીનગર દ્વારા નીતાબેન પંચોલી, ૧૧૬૭/૨, સેકટર-૪/બી, ના નિવાસ સ્થાને સ્તુતિ વંદના.
- શ્રી રામજી, મંદિર શ્રીરામ ધામ વાવોલ ખાતે શ્રાવણ માસ નિમિતે બપોરે ૩.૩૦ કલાકે, શિવકથાનો વિશ્રામ.

### આપની આજ

**મેષ** : વ્યાપાર- વ્યવસાયિકમાં કાર્યક્ષેત્રનો વિકાર અને વ્યાપારિક મુશ્કેલીઓ દૂર થઈ શકશે. આવક કરતાં વધુ ખર્ચ થવાથી આર્થિક તંગીની આશંકા રહેલી છે.

**વૃષભ** : યાત્રા- પ્રવાસ થઈ શકે છે. અટવાયેલા નાણાં પ્રાપ્ત થવાથી હર્ષ થશે. કૌટુંબીક પ્રશ્નોનું નિરાકરણ આવી શકશે. વ્યાપાર તથા નોકરીમાં ચિંતા દૂર થશે. વ્યવસાયિક સ્થિતિ સારી રહેવાની સંભાવના છે.

**મિથુન** : ભૂમિ -સંપત્તિના સોદામાં લાભ થવાની સંભાવના છે. કૌટુંબિક જીવનમાં સુખ- સમૃદ્ધિ બની રહેશે. વ્યાપારમાં વિસ્તાર હેતુ પ્રયત્ન વધુ કરવા પડશે.

**કર્ક** : આપે કરેલ અથાગ પ્રયત્નોનો ઓછો લાભ મળી શકે છે. નકામો તનાવ, મુશ્કેલીઓ બની રહેવાની સંભાવના છે. નવા કાર્યો વિચાર, યોજના મોકૂફ રાખવી. આર્થિક વિવાદોથી નુકસાન થઈ શકે છે.

**સિંહ** : કોઈ અટકેલું કાર્ય પૂર્ણ થવાથી આનંદ પ્રાપ્ત થશે. નોકરીમાં આધીનોનો સહયોગ મળશે. ધર્મમાં આસ્થામાં વધારો થશે. લાભનો માર્ગ મોકળો બનશે.

**કન્યા** : આપને સતાવતી કોઈ ચિંતાથી મુક્તિ મળશે. સમસ્યાઓનો ઉકેલ મેળવી શકાશે. આપને સંતાનને રોજગારના ક્ષેત્રે ઉન્નતિ થવાના સમાચાર પ્રાપ્ત થઈ શકે છે. આવકના નવા સાધનો પ્રાપ્ત થઈ શકે છે.

**તુલા** : ખાનપાનમાં ગડબડીથી પેટની તકલીફ થઈ શકે છે. શારીરિક સ્વાસ્થ્યનું ધ્યાન રાખવું. ઋતુ પ્રમાણે આહાર લેવો વિશેષ યાત્રા-પ્રવાસનો યોગ બની રહ્યો છે.

**વૃશ્ચિક** : આપને આજે ઋણથી મુક્ત થઈ શકશો. કુટુંબના સભ્યો તથા મિત્રોનો સાથ સહકાર મળી રહેશે. આર્થિક લાભની તક પ્રાપ્ત આવશે. તમારા કાર્યોની પ્રશંસા થશે.

**ધન** : તમારી મિલનસારિતા અને ધૈર્ય તમને સમાજ અને પરિવારમાં આદર અપાવશે. સામાજિક માન સન્માનમાં વધશે. વ્યવસાયિક લાભ અને સુખ -સમૃદ્ધિમાં વધારો થઈ શકે છે.

**મકર** : ધર્મ આધ્યાત્મ સંબંધી કાર્યોમાં ગહન ચિંતનનો યોગ બની રહ્યો છે. વિવાદિત વ્યાપારિક કાર્યોમાં આર્થિક લાભનાં નવા સ્રોત તરફ વિચાર - વિમર્શનો યોગ બને છે.

**કુંભ** : કૌટુંબિક, માંગલિક કાર્યોમાં વિશેષ ઉન્નતિકારક યોગ બની રહ્યો છે. જેના કારણે મન પ્રસન્ન રહેશે. જીવનમાં વિવિધતાપૂર્ણ વાતાવરણ નિર્મિત થશે. ગુસ્સા પર સંયમ રાખવો.

**મીન** : આપની મહત્વકાંક્ષા અનુસાર કાર્ય પૂરા થવાની સંભાવનાઓ છે. કુટુંબમાં સારું વાતાવરણ આપને પ્રગતિમાં સહાયરૂપ બની રહેશે. વિરાધીઓ પરેશાન કરી શકે છે.

### ચિરવિદાય

- સ્વ. કુંવરબેન બબાજી ઠાકોર (ઉ.વ. ૭૫) મુ.પો. લહેકાવાડા, તા., જિ. ગાંધીનગર.
- સ્વ. અલ્પેશભાઈ વિઠ્ઠલભાઈ સોલંકી (ઉ.વ. ૩૭) પ્લોટ નં. ૨૦૭/૧, સેકટર-૩/બી, ગાંધીનગર.
- સ્વ. કમળાબેન નારણભાઈ પરમાર (ઉ.વ. ૯૨) બ્લોક નં. ૬૯/૩, જી.એસ.બી.સી.એલ. કોલોની, ગાંધીનગર.
- સ્વ. દિવાબેન ખોડાજી ઠાકોર (ઉ.વ. ૫૫) મુ.પો. રિદ્રોલ. તા. માણસા. જિ. ગાંધીનગર.

# કહે છે કોણ આ દિકરી અમારે મન પરાઈ છે

સંબંધ સજાવે જિંદગી

**દીકરી વ્હાલનો દરિયો**

- સંજય થોરાત
gsrelation@yahoo.com

સેકટર-૮માં વસતા ભરતભાઈ દવેની બંન્ને દીકરીઓ ડૉ. ચિંતલ અને ડૉ. આનલનો એસ.એસ.સી.માં ગુજરાત રાજ્યમાં ટૉપર રહ્યાનો રોમાંચક કિસ્સોઃ મમ્મીના શિક્ષકનો વારસો આગળ



વધારતી દીકરીઓ મૅડિકલ કોલેજમાં વિદ્યાર્થીઓને ભણાવે છે.

દીકરી નાની હોય કે મોટી હોય, કે.જી.માં ભણતી હોય કે કોલેજમાં મહાલતી હોય દીકરી સદાય દીકરી જ રહે છે. મા-બાપ માટે બાળપણમાં બિન્દાસ દીકરી ભલે બાપ સામું ચબચબ બોલતી હોય. માનું મનના રાખતી હોય. પણ યુવાન થાય એટલે ગંભીરતા ધારણ કરી લે છે. જેમને દીકરી હોય એ પિતાનો હૃદયનો એક ધબકારો પોતાને જીવવા માટે છે જ્યારે બીજો ધબકારો દીકરીના કાયમી સુખ માટે ઝંખતો ધબકારો છે. દરેક દીકરી પોતાને પિતાની દીકરી માને છે, અને પપ્પાના પ્રેમનો અભિષેક ઝીલવા જીવનભર ઉચ્ચ જીવન જીવવાં ઈચ્છે છે.!

અને આવી જ ઉચ્ચ જીવનાં પથ પર બા-બાપનું નામ ઉજાળનાર બબ્બે દીકરીઓએ ગાંધીનગરનું નામ પણ રોશન કરેલું છે. ગાંધીનગરમાં છેલ્લા ૨૫ વર્ષથી વસેલા ભરતભાઈ દવે જી.ઈ.બી. માંથી ચીફ એન્જિનીયરના અતિ મહત્વના હોદ્દા પરથી નિવૃત્ત થયેલાં છે. ગાંધીનગરના જી.ઈ.બી.ની કોલોનીમાં રહેતાં ભરતભાઈ ગુજરાતના લગભગ દરેક પાવર સ્ટેશનમાં એમની સેવાઓ આપી ચૂક્યાં છે. ભરતભાઈના શ્રીમતીજી વીણાબેન ભાવનગરમાં ઉચ્ચતર માધ્યમિકમાં વિજ્ઞાનનાં શિક્ષિકા હતાં. જયારે આમનાં લગ્ન થયાં ત્યારે ભરતભાઈ તલોદ સબ ડિવીઝનમાં હતાં અને એ જ વખતે પ્રમોશન લઈ ઉકાઈ જવાનું થતાં વીણાબેનને શિક્ષકની નોકરી મુકી દેવી પડી..!

ભરતભાઈએ ત્રણ ભાઈઓમાં સૌથી મોટા અને એમને બહેન નહીં. ૧૯૭૬માં એમને પ્રથમ સંતાનમાં દીકરી અવતરી અને ઘરમાં આનંદનો માહોલ છવાયો. કારણ કે, દવે પરિવારમાં વર્ષોબાદ લક્ષ્મીજીની પધરામણી થઈ હતી. પણ આ લક્ષ્મી એટલે કે ચિંતલ મોટી થઈ સરસ્વતીની ઉપાસક બનશે એવું કોઈએ ધારેલું નહીં. ગાંધીનગરમાં વસેલા ભરતભાઈ દવેની આ લાડલી ચિંતલે માઉન્ટ કાર્મેલ નર્સરીમાં પ્રવેશ મેળવ્યો. આજ સમયમાં વીણાબેને જી.ઈ.બી.ની ગુરૂકુલમાં થોડોક સમય શિક્ષિકાની સેવા આપેલી. રૂપાળી અને પરસ્પર બોલતી ચિંતલનું નર્સરીનું પરિણામ લેવા એનાં મમ્મી-પપ્પા સમયસર પહોંચેલા નહી અને અઠવાડિયા બાદ જયારે રિઝલ્ટ લેવાં ગયાં ત્યારે ચિંતલ પ્રથમ આવેલી અને પ્રિન્સીપાલે મા-બાપને પ્રેમાળ ઠપકોય આપેલો, ત્યારે જ ખબર પડી કે ચિંતલ ભણવામાં હોશિંયાર છે.

ચિંતલ એના પ્રગતિપથ પર હતી ત્યારે જ પાંચ વર્ષનાં અંતરે ભરતભાઈને બીજી કન્યા આવી અને ચિંતલને આનલના રૂપમાં બહેન મળી ગઈ. ચિંતલ ભણવામાં હોનહાર હતી અને એની એસ.એસ.સી.ની પરીક્ષાનાં પરિણાને તો સૌને ચોકાવી દીધાં. જી હા ચિંતલ સમગ્ર ગુજરાત રાજયમાં પ્રથમ નંબરે પાસ થઈ દરેક સમાચાર પત્રના પહેલાં પાના પર છવાઈ ગઈ હતી.! માઉન્ટ કાર્મેલના ઈતિહાસમાં પ્રથમવાર જ એવું બન્યું કે, એમની સ્કુલની વિદ્યાર્થીની રાજયમાં પ્રથમ આવી હોય! ચિંતલે જયારે રાજયમાં પ્રથમ નંબર મેળવ્યો ત્યારે બીજા નંબર અને અના માર્ક વચ્ચે ખાસ્સો ૨૩ માર્કસનો ફરક હતો.!

ચિંતલ જ્યારે ચમકી ઉઠી ત્યારે જ ભરતભાઈની બદલી વણાકબોરી થઈ અને એમણે ચિંતલની સાથે આનલનું એલ.સી. માંગતા કાર્મેલના પ્રિન્સીપાલે એમને વિનવ્યા કે આને અહીં જ રહેવા દો બધી વ્યવસ્થા કરીશું. કારણ આનલ

## હવે કૈ રંગમાં આવ્યાં છે સંબંધો, સાસરે ગયેલી દીકરીઓ સાથે અમારે લોહીની સગાઈ છે

પણ ભણવામાં ચિંતલ જેટલી જ હોનહાર છે. કાર્મેલ જેવી ટોપ સ્કુલમાંથી વણાકબોરીની સરકારી પ્રાથમિક શાળા જેવાં વાતાવરણમાં આનલને તકલીફ પડી પણ એમનાં મમ્મી વીણાબેને એને પર્સનલ ટયુશન આપી સંભાળી લીધી. અને આનલનું એસ.એસ.સી.નું પરિણામ આવ્યું. સમગ્ર ગુજરાતમાં દ્વિતીય.! હિસ્ટ્રી રિપીટેડ, બહેનનાં પગલે આનલે પણ એ જ સિલસિલો જાળવી રાખ્યો. માત્ર એક માર્ક માટે રાજયમાં પ્રથમ નંબરથી વંચીત રહી ગઈ. એક જ પરિવારની બબ્બે દીકરીઓ બોર્ડમાં રાજય કક્ષાએ ટોપર બની હોય એવું કદાચ ગુજરાતમાં પ્રથમ વાર જ બન્યું.

પપ્પાની નોકરીને કારણે ગાંધીનગર બહાર નીકળેલી આ બંને દીકરીઓએ બારમાંમાં પણ એવો જ રંગ રાખ્યો અને ચિંતલ મેરિટમાં આવી બી.જે. મેડિકલમાંથી એમ.બી.બી.એસ. થઈ એલ.જી. કોલેજ માંથી એમ.ડી. મૅડિસીન કરીને ડૉ. ચિંતલ બની ગઈ. આનલે ડેન્ટલ કોલેજમાંથી બી.ડી.એલ. અને પછી એમ.ડી.એસ. કરી દાંતોના પેઢાનાં નિષ્ણાંત ડૉ. બની ડૉ. આનલ બની. ગાંધીનગરની આ બંને દીકરીઓ બોર્ડમાં આવી અને ડૉક્ટર બનીને એમનો સફળતાનો સિક્કો મારી દીધો.!!

મમ્મીના શિક્ષકી વારસાને સાચવતી આ બંને બહેનો આજે એ જ દિશામાં આગળ વધી છે. ડૉ. ચિંતલ વી.એસ. કોલેજમાં આસી. પ્રોફેસર છે અને ડૉ. આનલ નડિયાદ ડૅન્ટલ કોલેજમાં લેકચરર છે. લક્ષ્મીનાં અવતારથી રાજી થયેલાં દવે પરિવારમાં સરસ્વતીની અસીમ કૃપા થઈ. હિન્દુ સંસ્કૃતિ મુજબ લગ્નનાં પવિત્ર બંધનમાં બંધાઈ આ બંને દીકરીઓ વિદાય થઈ.. ડૉ. ચિંતલ ને ડૉ. કૌશલ વ્યાસ મળ્યાં જેઓ પણ એમનાં ક્ષેત્રમાં ખેરખાં કહેવાય છે. ડૉ. આનલને ડૉ. ઋત્વિક ત્રિવેદી મળ્યાં જેઓ કાર્ડીએક નિષ્ણાંત છે.

સાસરે ગયેલી આ બંને ડૉ. દીકરીઓના સંબંધી ભલે બદલાયા પણ વ્હાલ પહેલાં કરતાં વધી ગયું. દવે પરિવારને બંને વેવાઈ પણ ખૂબ માયાળુ મળ્યા છે. એમની દીકરીઓ જ્યારે ઈચ્છે ત્યારે પિયર આવીને મા-બાપની સેવા કરી જાય છે. બંને દીકરીઓ વાર- તહેવારે પોતાના પરિવાર સાથે આવે અને સેકટર-૮માં રહેતા ભરતભાઈ અને વીણાબેન દવેનાં ઘરને ચહેકતું કરી દે છે. એસ.એસ.સી.માં ડૉ. ચિંતલને કાયનેટીક ભેટમાં મળ્યું હતું. તો ડૉ. આનલને ધીરૂભાઈ અંબાણીની સ્કૉલરશીપ મળી હતી. આ બંનેના અગણિત મેડલોથી દવે સાહેબનું શૉકેશ ગૌરાવન્તીક છે.

માતા-પિતાના વૃદ્ધત્વમાં આજે આ બંને ડૉક્ટર દીકરીઓમાં માતૃત્વનો રણકો દેખાય છે. દીવસના હજાર કામ વચ્ચેય મા-બાપનો વિચાર કરી એમને શકય મદદ કરે છે. આજેય વીણાબેનને કોક પૂછે કે તમારે બંને દીકરીઓ જ છે? ત્યારે જ એમને એવું લાગે છે કે હા છે તો દીકરીઓ જ પણ કામ એવાં કર્યા છે કે અમે એમનાં ટૉનિકથી સાજાં નરવાં ફરીએ છીએ. મા-બાપના શબ્દો એટલે ડૉ.ચિંતલ અને ડૉ. આનલ માટે વેદ-કુરાન છે. એમનાં હોઠમાંથી શબ્દો સરે ત્યાં આ દીકરીઓ સમજી જાય કે આમને શાની જરૂર છે. બબ્બે હોનહાર દીકરીઓના મા-બાપનું ગર્વ અને ગૌરવ દવે પરિવારને છે. આવી દીકરીઓના મા-બાપ હોવું એટલે ઈશ્વરની સૌથી વધુ નજીક હોવું એવું નથી લાગતું..!